તમે એવી વાત કહી છે કે જો તેને સમુદ્રના પાણીમાં ભેગી કરી દેવામાં આવે તો સમુદ્રનું પાણી પોતાના સ્વાદ બદલી નાખશે

ઉમ્મુલ્ મુઅમિનીન આયશા રઝી અલ્લાહુ અન્હા રિવાયત કરે છે, તેમણે કહ્યું: મેં નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમને કહ્યું: તમારા માટે સફીય્યહનું આમ હોવું જ પૂરતું છે, - કેટલાક રિવાયત કરનારે કહ્યું: તેમનો કહેવાનો તાતપર્ય એ હતો કે તેણીની લંબાઈ ઓછી છે-
તો નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ કહ્યું: «તમે એવી વાત કહી છે કે જો તેને સમુદ્રના પાણીમાં ભેગી કરી દેવામાં આવે તો સમુદ્રનું પાણી પોતાના સ્વાદ બદલી નાખશે», તેમણે કહ્યું: મેં તો એક વ્યક્તિની નકલ ઉતારી, તો નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ કહ્યું:
«મને એ વાત પસંદ નથી કે હું કોઈ વ્યક્તિની નકલ ઉતારું અને તેના બદલામાં મને આટલો અને આટલો માલ મળે».
[સહીહ (આ હદીષ સાચા દરજજાની છે)] [આ હદીષને ઈમામ અબૂ દાવૂદ રહિમહુલ્લાહ અને ઈમામ તિર્મિઝિ રહિમહુલ્લાહ રિવાયત કરી છે અને ઈમામ અહમદ રહિમહુલ્લાહએ પણ રિવાયત કરી છે]

ઉમ્મુલ્ મુઅમિનીન આયશા રઝી અલ્લાહુ અન્હાએ કહ્યું: તમારા માટે સફીય્યહ પૂરતી છે- મોમિનોની માતા રઝી અલ્લાહુ અન્હા- તેમની શારીરિક ખામી બયાન કરી રહ્યા હતા, તેઓ સહેજ બટકા હતા, તો નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ કહ્યું: જો આ શબ્દને સમુદ્રના પાણી સાથે ભેગા કરી દેવામાં આવે તો સમુદ્રનું પાણી બદલાય જશે અને બગડી જશે, આયશા રઝી અલ્લાહુ અન્હાએ કહ્યું: મેં આ વાત કોઈની ખામી દર્શાવવા માટે કહી હતી, તો નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ કહ્યું: હું કોઈની ખામી વર્ણન કરવા અને તેની વાત અથવા કાર્યને તુચ્છ રીતે વર્ણન કરવાનું પસંદ કરતો નથી, ભલેને તેના બદલામાં મને દુનિયામાં ઘણો માલ આપવામાં આવે.

http://www.sunnah.global/hadeeth/gu/show/3705